GJDH080000302009

सत्यमेव जयते

કેસ આવ્યા તારીખ ૧૬/૦૯/૨૦૦૯.

કેસ દાખલ તારીખ ૧૬/૦૯/૨૦૦૯.

કેસ નિર્ણય તારીખ ૦૭/૦૩/૨૦૨૬

સમય ગાળો :– <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>

## <u>મહે. પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની અદાલત, મુ.ગરબાડા, જી.દાહોદ.</u>

**રેગ્યુલર દિવાની મુકદમા નં.૩૨/૨૦૦૯.**
**<u>આંક : .</u>**

| | **<u>પક્ષકારોના નામ.</u>** | **<u>આ.ઉ.વ.</u>** | **<u>ધંધો</u>** | **<u>રહેવાસી.</u>** |
|---|---|---|---|---|
| ૧. | ચતરાભાઈ પીદીયાભાઈ હઠીલા | પુખ્ત | ખેતી | ચંદલા (લુહાર ફળીયા), તા.ગરબાડા, જી.દાહોદ. |
| ૨. | પ્રવિણભાઈ પીદીયાભાઈ હઠીલા | પુખ્ત | ,, ,, | ,, ,,,, ,, |
| ૩. | બાઈ રૂપલી તે પીદીયાભાઈ હઠીલાની વિધવા ઔરત | ૬૨ | ઘરકામ | ,, ,,,, ,, |

**.............વાદીઓ.**

**<u>વિરૂધ્ધ.</u>**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ભાભોર મલાભાઈ દીતાભાઈ | પુખ્ત | ખેતી | ચંદલા, તા.ગરબાડા, જી.દાહોદ. હાલ રહે.ત્રણ રસ્તા, ફ્લિેન્ડગંજ, રૂમ નં.એ/૧૩૬૯, પરેલ, દાહોદ, |

**<u>પક્ષકારોના નામ.</u>** **<u>આ.ઉ.વ.</u>** **<u>ધંધો</u>** **<u>રહેવાસી.</u>**

તા.જી.દાહોદ.

**...........પ્રતિવાદી.**

**<u>-:: દાવો રૂા. ૩૦૦/- ના આકંથી જાહેરાત તથા કાયમી મનાઈ હુકમ માટેનો.</u>**

<u>વાદી પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી આર. સી. રાઠોડ</u>
<u>પ્રતિવાદી પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી કે. બી. નલવાયા</u>

## <u>-:: ચૂકાદો. ::-</u>

(૧) વાદીના દાવાની હકિકત એવી છે કે, '' દાહોદ જિલ્લાનાં ગરબાડા તાલુકાનાં મોજે ગામ ચંદલામાં આવેલ ખાતા નંબર.૧૨૧ જેનો રેવન્યુ સર્વે નંબર.૧૬ જેનું કુલ ક્ષેત્રફળ હે.પ્રતિ.આરે.ચોમી.૦.૮૩.૦૦ આકાર રૂા.૩.૮૦ વાળી ખેતીની જમીન આવેલ છે. જે જમીન નવિ શરત ૭૩ એ.એ.થી નિયંત્રીત સત્તા પ્રકારની વાદીઓનાં બાપદાદાની વડીલોપાર્જીત ખેતીની જમીન આવેલ છે. અમો વાદીઓનાં મર્હુમ પિતા ગુજરી જતાં અમો વાદીને વારસાઈ હકકથી કબજા ભોગવટામાં સ્થળે પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલો છે. તેમાં અમો વાદી ખેતીકામ કરી તેમાંથી સીઝનવાર ઉત્પાદન લેતાં આવેલ છીએ. જેમાં અમો વાદી નંબર.૧,૨ નાની બહેનો નામે (૧) કાંતાબેન તથા (૨) પુનકીબેન તથા (૩) ભુરીબેનનાં લગ્ન થઈ ગયેલ છે. અને તેઓને માંગલીક પ્રસંગે જે કાંઈ આપવાનું હતું તે આપી દિધેલ છે. જેથી તેઓને આ કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. તે જાહેર કરીએ છીએ. દાવાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદીનો કોઈ રીતે લાગ, ભાગ,હકક,હિત,અધિકાર આવેલ નથી. દાવાવાળી જમીનનાં ચાર ખુંટ નીચે મુજબ છે.

પુર્વે : બારીયા અમરસિંહ દીતાભાઈ તથા તેને લાગુ પડતાં સર્વે નંબર એટલે કે, મહાદેવ મંદિરની હદવારે.


પશ્ચિમ : શંકરલાલ દલસુખભાઈ પંચાલની જમીનની હદવારે.

ઉત્તર : પ્રતાપભાઈ દિતાભાઈ બારીયાની જમીનની હદવારે.

દક્ષિણ : રૂપાભાઈ વાલાભાઈ રાઠોડની જમીનની હદવારે.

ઉપરોક્ત ચાર ખુંટ વચલી જમીનને હવે પછીથી દાવાવાળી તકરારી જમીન તરીકે ઓળખવામાં તથા સંબોધવામાં આવશે. સદરહું દાવાવાળી જમીન અમો વાદીઓનાં બાપદાદાની બાપોતીની જમીન આવેલ છે. અને આ કામના પ્રતિવાદીનો દાવાવાળી જમીનમાં લાગ, ભાગ નથી કે છે નહી. એટલું જ નહીં આ કામનાં પ્રતિવાદી અમો વાદીના નજીકનાં કે દુરના કોઈ સગાં થતાં નથી. તેઓની અટક ભાભોર છે. અને તેઓ આદિવાસી ભીલ કોમનાં ઇસમ છે. અને જયારે અમો વાદી આદિવાસી હિન્દુ પટેલીયા છીએ. જેથી

સમજુતી માટે અમો વાદીનું પેઢીનામું નીચે મુજબ છે.




આમ, ઉપરોક્ત મુજબનું પેઢીનામું વાદીનાં વડવાઓનું આવેલ છે. અને હાલમાં અમો વાદી દાવાવાળી જમીન વારસાઈ હક્કે સ્થળે કબજા ભોગવટામાં આવેલ છે. અમો વાદી નંબર.૧,૨ નાંની બહેનોનાં લગ્ન થયેલા છે. જયારે વાદી નંબર.૩ વાદી નંબર.૧,૨ નાં માતૃશ્રી છે. અમો વાદીઓ દાવાવાળી જમીનમાં ખેતીકામ કરી ઉત્પાદન લઈ અમારા કુટુંબ કબીલાનું ભરણપોષણ કરીએ છીએ. આમ, દાવાવાળી જમીન અમો વાદીઓની ચોખ્ખચોખ્ખી વારસાઈ હકકવાળી જમીન આવેલ છે. આ કામના પ્રતિવાદીનો તેમાં લાગ, ભાગ નથી. સદરહું દાવાવાળી જમીન ખેતીની છે અને જે ૭૩ એ.એ.થી નિયંત્રીત સત્તા પ્રકારવાળી આવેલી છે. અમો વાદીઓ સતત રીતે ખેડ હકકમાં મકાઈ વિગેરે પાકોનું ખેડ હકકમાં ખેતીની રીત એકજ નોંધાયેલ છે. હાલમાં ચોમાસાની સીઝન છે. અમો વાદી ખેતીકામ કરવા ગયેલા ત્યારે આ કામનાં પ્રતિવાદી કહેતાં હતાં કે, દાવાવાળી જમીન અમોએ વેચાણ રાખેલ છે. તેવું જણાવેલ. અમો વાદીએ પ્રતિવાદીનાં કહેવા મુજબ કોઈ કહેવાતું વેચાણ કરેલ નથી. દાવાવાળી જમીન ૭૩ એ.એ.વાળી છે. જે રેવન્યુ રેકર્ડમાં સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. અમો વાદીઓની દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડમાં ખેડ હકકની રીતમાં અમો વાદીનો ચોખ્ખ ચોખ્ખો સત્વાધીકાર છે. તે બધું આ કામનાં પ્રતિવાદી જાણતાં હોવા છતાં આજથી છેલ્લા ત્રણેક દિવસ ઉપરાંતથી અમો વાદી દાવાવાળી જમીનમાં ગયેલા ત્યારે આ કામનાં પ્રતિવાદીએ અમો સાથે ઝગડો તકરાર કરેલ. સદરહું જમીન અમોએ વેચાણ રાખેલ છે તેમ કહેવા લાગેલા. અને અમો વાદી સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ. આ કામના પ્રતિવાદી રેલ્વે કર્મચારી છે. તેઓ પૈસાપાત્ર માણસ છે. જોરજુલમ અને દાદાગીરીથી અમોને ચેનકેન પ્રકારે હેરાન પરેશાન કરી અમારી ખેતીની જમીન પડાવી લેવા માટે પ્રયાસ કરેલ છે. તે સંબંધી અમો વાદીએ ગામનાં આગેવાનો સમક્ષ પંચ ભેગું કરેલ તેમ છતાં પંચને આ પ્રતિવાદી ગણકારેલ નહી. આ કામનાં પ્રતિવાદી તેઓનું ગેરકાયદેસરનું કૃત્ય ચાલું રાખેલ છે. અને અમારી

બાપદાદાની જમીન પડાવી લેવા માટે તેમજ જમીન પરત્વેનો કબજો છીનવી લેવા માટે પ્રતિવાદી ગેરકાયદેસરનું કૃત્ય કરેલ છે. જો આ કામનાં પ્રતિવાદીને તેઓનાં ગેરકાયદેસરનાં કૃત્યથી રોકવામાં ન આવે તો અમારી કિંમતી જમીન છીનવાઈ જાય તેમ છે. જેથી, હાલનો દાવો તેમજ સાથે સાથે કામચલાઉ મનાઈ હુકમની રાહત માટેની અરજી અલાયદી આપવાની જરૂર પડેલ છે. આ દાવાનું કારણ આ કામનાં પ્રતિવાદી છેલ્લા ત્રણ દિવસથી અમો વાદીને દાવાવાળી જમીનમાં ગયેલા ત્યારે આ કામનાં પ્રતિવાદી અમો સાથે ઝગડો તકરાર કરેલ. અને ગાળાગાળી તેમજ ધમકીઓ આપેલ. જેથી આ દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આ અરજી કરી દાદ માંગવાની કે, એ. મોજે ગામ ચંદલા, તા.ગરબાડા, જિ.દાહોદમાં આવેલ ખાતા નંબર. ૧૨૧ જેનો રેવન્યુ સર્વે નંબર.૧૬ દાવા અરજીના પેરા.૧ માં દર્શાવેલ ચાર ખુંટ વચલી જમીન અમો વાદીની બાપદાદાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાવાળી જમીન આવેલ છે. તેવું ઠરાવી પ્રતિવાદીનો દાવાવાળી જમીનમાં લાગ, ભાગ, હકક,હિત, અધિકારી નથી. તેવું ઠરાવી જાહેર કરશોજી. બી. મોજે ગામ ચંદલા, તા.ગરબાડા, જિ.દાહોદમાં આવેલ ખાતા નંબર. ૧૨૧ જેનો રેવન્યુ સર્વે નંબર.૧૬ દાવા અરજીના પેરા.૧ માં દર્શાવેલ ચાર ખુંટ વચલી જમીનમાં અમો વાદી પોતે,જાતે ખેતીકામ કરવા જઈએ તેમાંથી પાક લઈએ, વાપર ઉપભોગ કરીએ તેમાં આ કામનાં પ્રતિવાદી તેઓનાં નોકરો, એજન્ટો, મળતીયા માણસો દ્બારા અંતરાય,અગવડ,હેલો હરકત, દખલગીરી કે પ્રવેશ કરે, કરાવે નહી તેવો આ કામનાં પ્રતિવાદી વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવશોજી.''

(૨) વાદીના દાવાનો સમન્સ પ્રતિવાદીને બજતા પ્રતિવાદી તેમના વિ. વકીલ શ્રી મારફતે હાજર થયેલ છે અને પ્રતિવાદી તર્ફે આંક:૧૬ થી દાવા અરજી વિરૂધ્ધ પોતાનો લેખિત જવાબ રજુ રાખી એવી હકિકત જણાવેલ છે કે,

'' વાદીની દાવા અરજી ખરી નથી. જેથી, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાંની હકિકતો અમો પ્રતિવાદી કબુલ મંજુર રાખતાં નથી. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી સંબંધી સત્ય હકિકત છુપાવીને આપ નામદાર કોર્ટને અંધારામાં રાખવા સારૂ સદરહું દાવા અરજી તથા મનાઈ અરજી દાખલ કરેલ છે. જેથી, અમો પ્રતિવાદી કબુલ મંજુર રાખતાં નથી. વાદી આપ નામદાર કોર્ટમાં કલીન હેન્ડથી આવેલ નથી. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીને સમયમર્યાદાનો ચોખ્ખેચોખ્ખો બાદ નડે છે. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાંની હકિકતો ગળે પડું પાટાફેર હોય, જેથી અમો પ્રતિવાદી તેનો ઘરાર ઈન્કાર કરીએ છીએ. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાંની જે હકિકતો અમો પ્રતિવાદી કબુલ મંજુર રાખીએ તે સિવાયની તમામ હકિકતોનો અમો પ્રતિવાદી ઘરાર

ઈન્કાર કરીએ છીએ. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાંની જે કોઈ હકિકતો ઇન્કારવાની રહી જાય તો અમો પ્રતિવાદીની ગર્ભિત સંમતિ સમજવી નહી. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા.૧ માંની હકિકતો સંબંધી અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, મોજે ગામ ચંદલામાં આવેલ ખાતા નંબર.૧૨૧ રે.સ.નં.૫૧૬.અને તેનાં ક્ષેત્રફળ તથા આકાર જુ.ડી. વિશે અમો પ્રતિવાદીને કોઈ તકરાર નથી. અને સદરહું જમીન વાડીલોપાર્જીત જમીન છે. તેમજ હાલનાં વાદીઓની વારસાઈ હકકની જમીન છે, તે વાત ખરી છે. અને તેમની એટલે કે, વાદીઓની બહેનોનાં લગ્ન ગઈ ગયેલ છે અને સદર જમીનનો તેવોનો હકક વાદીઓની તરફેણમાં આપેલ છે. તે વાત ખરી છે. પરંતુ, વાદીઓ જણાવે છે કે, અમો પ્રતિવાદીનો કોઈ રીતે લાગ,ભાગ,હકક,હિત, અધિકાર આવેલ નથી. તે વાત વાદીઓની ખોટી છે. અને સદરહું હકિકત અમો પ્રતિવાદી કબુલ મંજુર રાખતાં નથી. તેમજ દાવાવાળી જમીનનાં ખુંટવર્ણન સંબંધી અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, પૂર્વ બારીયા અમરસીંગ દિતાભાઈ તથા બચુભાઈ રતનાભાઈ બારીયાની જમીનો તથા મહાદેવ અને હનુમાનજીના મંદિરનાં હદવારે. તેમજ પશ્ચિમ દિશાએ મનુભાઈ મુળજીભાઈ પંચાલ તથા શંકરલાલ દલસુખભાઈ પંચાલની જમીનોની હદવારે. તેમજ ઉત્તર દિશાએ દિતાભાઈ અબજીભાઈ બારીયા એટલે કે,પ્રતાપભાઈ દીતાભાઈ કે પ્રતાપભાઈ દિતાભાઈનાં પુત્રની જમીનની હદવારે તેમજ દક્ષિણ તરફ રૂપાભાઈ વાલાભાઈ રાઠોડની જમીનની હદવારે આમ, ઉપરોક્ત ચાર ખુંટ વચલી જમીન અમો પ્રતિવાદીએ આ કામના વાદીઓની સંમતિથી અને તેવોની રાજીખુશીથી પંચો રૂબરૂ ૧૯૯૬ માં રૂા.૯૪,૩૫૧/– (અંકે રૂપિયા ચોરાણું હજાર ત્રણસો એકાવન પુરા) માં વેચાણ રાખેલ અને તકરારી જમીનમાં જે ઝાડો આવેલા છે તેનાં રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) અમો પ્રતિવાદીએ અલગથી ચૂકવેલ આમ, કુલ રૂા.૧,૦૯,૩૫૧/– પુરા તકરારી જમીન સંબંધી અમોએ હાલનાં વાદીઓને પંચો રૂબરૂ ચૂકવી આપેલ. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા.૨ માંની હકિકતો સંબંધી અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, સદરહું તકરારી દાવાવાળી જમીન અમો પ્રતિવાદીએ આ કામના વાદીઓનાં કહેવાથી તેમજ તેમની રાજીખુશીથી રૂા.૨૦/– નાં રેવન્યુ સ્ટેમ્પ પર પંચો રૂબરૂ લખાણ કરી સદરહું તકરારી જમીન અમો પ્રતિવાદીએ વેચાણ રાખેલ અને ત્યારથી આ કામનાં વાદીઓએ સદરહું તકરારી જમીનનો કબજો અમો પ્રતિવાદીને તેમનાં વાલી વારસો તથા કુટુંબીજનોની સંમતિથી અમો પ્રતિવાદીને સોપેલ ત્યારથી એટલે કે, આજથી તેર (૧૩) વર્ષ ઉપરાંતથી અમો પ્રતિવાદી સદરહું તકરારી જમીનમાં કોઈપણ પ્રકારનાં દાબદબાણ કે કોઈ રોકટોક કે અટકાયત વગર કબજો ભોગવટો તેમજ વર્ષોવર્ષ તાથ ફસલો ફસલ ખેડ વાવેતર કરી ઉપજ લેતાં આવેલ છીએ. જેથી, હાલનાં વાદીઓ જણાવે છે કે, આ કામનાં પ્રતિવાદીનો દાવાવાળી તકરારી જમીનનાં લાગ, ભાગ નથી કે છે નહીં તે હકિકત વાદીની ખોટી છે.

સદરહું તકરારી જમીન અમો પ્રતિવાદીએ પંચો રૂબરૂ વાદીઓની સ્વખુશીથી અને વાદીઓએ વેચાણ પેટેનાં રૂા.૨૦/– ના દસ્તાવેજ પર તેવોનાં સહિ અંગુઠાનાં નિશાન પણ પંચો રૂબરૂ કરી સદરહું તકરારી જમીનનો કબજો અમો પ્રતિવાદીને સોપેલ ત્યારથી સદર તકરારી જમીનમાં અમો પ્રતિવાદી કબજો ધરાવીએ છીએ. અને અમો પક્ષકારો આદિવાસી ઈસમ છીએ તે વાત ખરી છે. અને વાદીઓનાં પેઢીનામા વિશે અમો પ્રતિવાદીને કોઈ તકરાર નથી. વધુમાં વાદીઓ જણાવે છે કે, દાવાવાળી જમીન વારસાઈ હકકે મળેલ છે, તે વાત ખરી છે. પરંતુ, હાલનાં વાદીઓનો સ્થળ ઉપર કબજો ભોગવટો આવેલ નથી. અને વાદી નંબર.૩ નાઓ વાદી નંબર.૧,૨ નાં માતા થાય છે. તે વાત ખરી છે. અને વાદી નંબર.૩ નાંઓ વાદી નંબર.૨ નાં સગીર વતી વેચાણ દસ્તાવેજમાં સહી અંગુઠાનું નિશાન કરેલ છે. જેથી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા.૨ માંની હકિકતો અમે પ્રતિવાદી ઈન્કાર કરીએ છીએ. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા.૩ માંની હકિકતો સંબંધી અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, સદરહું જમીન વાદીઓની વારસાઈ હકકવાળી છે. તે વાત ખરી છે. પરંતુ, આ કામનાં પ્રતિવાદીનો તકરારી જમીનમાં લાગ, ભાગ નથી, તે વાત ખોટી છે. વધુમાં, અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે સદરહું દાવાવાળી જમીન અમો પ્રતિવાદીએ વેચાણ રાખી તે અગાઉ મોજે ગામ ગુંગરડી, તા.ગરબડાનાં રહીશશ્રી રાઠોડ ચુનાભાઈ જવાભાઈને હાલનાં વાદીઓએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પુરામાં) ગીરવે પેટે આપેલ હતી. જેથી, સદરહું તકરારી જમીન અમો પ્રતિવાદીએ વેચાણ રાખી ત્યારે વેચાણની કિંમત નકકી થયેલ રૂપિયામાંથી અમો પ્રતિવાદીએ આ કામનાં ગીરવે રાખનારને રૂl.૧૦/– નાં સ્ટેમ્પ પર લાખણ કરીને આપેલા આમ, સદરહું તકરારી ખેતીની જમીન અમો પ્રતિવાદીએ પંચો રૂબરૂ વાદીઓની રાજીખુશીથી તેમજ વાદીઓનું જૂનું બાપોતી દેવું ચૂકવવા સારૂ વેચાણ રાખેલ ત્યારથી વાદીઓએ સદરહું જમીનનો કબજો અમો પ્રતિવાદીને સોપેલ છે. વધુમાં અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, સદરહું તકરારી જમીનનો કબજો અમો પ્રતિવાદીને વાદીઓએ વેચાણથી લખાણ કરી સોપેલ હોય જેથી, હાલનાં વાદીઓનો સદરહું જમીનમાં કોઈ લાગ, ભાગ કે સ્થળ પર પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલ નથી. જેથી, હાલનાં વાદીઓને ખેતીકામ કરતાં અટકાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. જેથી, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા.૩ ની હકિકતો અમો પ્રતિવાદી કબુલ મંજુર રાખતાં નથી. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા.૪ માની હકિકતો વાદીઓની ગળેપડું, પાટાફેર તેમજ ઉપજાવી કાઢેલ હોય, જેથી અમો પ્રતિવાદી ધરાર ઈન્કાર કરીએ છીએ. વધુમાં જણાવીએ છીએ કે, હાલનાં વાદીઓનું નામ દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડમાં ચાલે છે. તે હકિકત ખરી છે. પરંતુ, નામ માત્રથી વાદીઓનો કબજો છે, તેવું સ્પષ્ટપણે કહી શકાય તેમ નથી. કેમ કે, સદરહું તકરારી જમીનનો કબજો વેચાણથી અમો પ્રતિવાદી

ધરાવીએ છીએ અને હાલનાં વાદીઓ એક બીજાની ચઢામણીથી અમો પ્રતિવાદીનાં નાણાં ખોટા કરવાનાં બદઈરાદાથી તેમજ હાલનાં વાદીઓનો ઈરાદો છેતરપીડી કરવાનો જણાય આવેલ હોય જેથી, હાલનાં વાદીઓને અમો પ્રતિવાદી એનકેન પ્રકારે હેરાન કરે પરેશાન કરવાનો કે જમીન પડાવી લેવાનો અમો પ્રતિવાદીનો કોઈ ઈરાદો નથી કે સદરહું તકરારી જમની ગેરકાયદેસર રીતે પડાવી લેવાનો ઈરાદો અમો પ્રતિવાદીનો નથી. સદર કામે હાલનાં વાદીઓ પોતે સત્ય હકિકત છુપાવી, તેવો પોતે ગેરકાયદેસરનું કૃત્ય કરી રહેલ છે. જેથી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા.૪ માંની હકિકત ગળેપડું હોય, જેથી અમો પ્રતિવાદી કબુલ મંજુર રાખતાં નથી. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનાં પેરા.૫ માની હકિકતો સંબંધી અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, અમો પ્રતિવાદીનો લેખિત જવાબ વંચાણે લેતાં આ કામના વાદીઓને આવા પ્રકારની દાવા અરજી તથા મનાઈ અરજી કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી અને અમો પ્રતિવાદીનો લેખિત જવાબ વંચાણે લેતાં તેમજ અમો પ્રતિવાદીનાં દસ્તાવેજો ઘ્યાને લેતાં હાલનાં વાદીઓનો પ્રાયમાફેસી કેસ નથી અને વાદીઓને કોઈ નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ નથી. અને સગવડતા, અગવડતાનું પલ્લુ વાદીઓનાં લાભમાં નથી. જેથી, હાલની આ દાવા અરજી તથા મનાઈ અરજીની તમામ પ્રસ્તુત હકિકતો શુઘ્ધબુઘ્ધિપૂર્વક હાલ આ દાવા અરજી તથા મનાઈ અરજી કરેલ નથી. વાદીની દાવા અરજી પેરા.૬,૭,૮ વિશે અમો પ્રતિવાદીને કોઈ તકરાર નથી. તેમજ વાદીની મનાઈ અરજીનાં પેરા.૬ અને ૮ સંબંધી અમો પ્રતિવાદીને કોઈ તકરાર નથી. આમ, સદર કામે વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજી સામેનો અમો પ્રતિવાદીનો લેખિત જવાબ તથા અમો પ્રતિવાદીનાં દસ્તાવેજો ઘ્યાને લેતાં આ કામનાં વાદીઓની દાવા અરજીનાં પેરા.૯ ના પેટાપેરા (અ) તથા (બ) માં વાદીઓને માંગેલ દાદો તેમજ વાદીઓની મનાઈ અરજીનાં પેરા.૭ નાં પેટા પેરા. (અ) માં વાદીઓછે જે માંગેલ દાદ વાદીઓને મળી શકે નહી. અને વાદીઓને આવા પ્રકારની દાદો આપવામાં આવે તો અમો પ્રતિવાદીને નાણાંથી ભરપાય ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. જેથી વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સાથે રદ્દ કરશોજી અને અમો પ્રતિવાદીને વાદીઓથી ખર્ચ અપાવશોજી.''

(૩) પ્રતિવાદીઓ તર્ફે રજુ આંક:૧૬ વાળા જવાબની સામે વાદી તર્ફે આંક:૨૧ થી કાઉન્ટર એફીડેવીટ તા.૧૬/૦૧/૨૦૧૦ ના રોજ રજુ રાખવામા આવેલ છે અને પ્રતિવાદીઓના જવાબોની હકિકતોનો ઈન્કાર કરી, પોતાની દાવા અરજીની હકિકતોને વળગી રહેલ છે અને દાવામાં માગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે વાદી પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ થયેલ છે.

| **ક્રમ** | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|
| ૧. | વાદી ચતરાભાઈ પીધ્યાભાઈ હઠીલાનું સરતપાસ સોગંદનામુ. | ૬૦ |
| ર. | વાદી પ્રવિણભાઈ પિદીયાભાઈ હઠીલાનું સરતપાસ સોગંદનામુ. | ૧૪૬ |
| ૩. | સાહેદ શંકરલાલ દલસુખભાઈ પંચાલનું સરતપાસ સોગંદનામુ. | ૧૬૦ |

**૪.૧** આ કામે વાદી પક્ષ તરથી આંક:પ૩ નાં લીસ્ટથી નીચે મુજબ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવો.** | **આંક** |
|---|---|---|
| ૧ | ખાતા નં.૧ર૧ ની જુની ખાતાવહીની નકલ. | પ૪ |
| ર | રે.સ.નં.૧૬ ની જુની ૭/૧ર ની નકલ. | પપ |
| ૩ | ખાતા નં.૧ર૧, રે.સ. નં.૧૬ ની ૭/૧ર તથા ૮/અ ની નકલ. | પ૬ |
| ૪ | નોંધ નં.૧ર૮૭ ની વારસાઈ હકક પત્રકની નકલ. | પ૭ |
| પ | ખાતા નં.૧ર૧, ગામ નમુનો ૮/અ ની નકલ. | પ૮ |
| ૬ | જમીન મહેસૂલ ભર્યાની પહોંચોની નકલ-૩૦ | પ૯ |

**૪.ર** આ કામે વાદી પક્ષ તરફે આંક:૧૬૧ થી કલોજીંગ પુરસીસ આપવામાં આવેલ છે.

(પ) આ કામે પ્રતિવાદી પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ થયેલ છે.

| **ક્રમ** | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી ભાભોર મલાભાઈ દીતાભાઈનું સરતપાસ સોગંદનામુ. | ૧૬૩ |
| ર. | સાહેદ કટારા લછુભાઈ મડુભાઈનું સરતપાસ સોગંદનામુ. | ૧૭ર |

**પ.૧** આ કામે પ્રતિવાદી પક્ષ તરથી આંક:૧૬પ નાં લીસ્ટથી નીચે મુજબ

દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવો.** | **આંક** |
|---|---|---|
| ૧ | રૂ.૨૦/– ના સ્ટેમ્પ ઉપર વેચાણ કરેલ જમીન વેચાણનો દસ્તાવેજ. | ૧૬૭ |
| ૨ | રૂ.૧૦/– સ્ટેમ્પ ઉપર ગીરવે આપેલ જમીનનાં ગીરવે પેટે આપેલ રૂપીયાનો દસ્તાવેજ. | ૧૬૮ |

**૫.૨** આ કામે પ્રતિવાદી પક્ષ તરફે આંક:૧૭૩ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે.

**વાદી પક્ષ તર્ફે પુરાવો.**

(૬) વાદીપક્ષ તરફે આંક:૬૦ થી વાદી ચતરાભાઈ પીધ્યાભાઈ હઠીલાનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે, જે સરતપાસના સોગંદનામાની હકિકતોમાં વાદીએ તેમની દાવા અરજની હકિકતો જણાવેલ હોઈ, તેથી વિશેષ કોઈ હકિકતો વાદીના સરતપાસના સોગંદનામામાં જણાવેલ ન હોઈ, જેથી સદર પુરાવાનું પુનરાવર્તન કરેલ નથી.

**૬.૧** સદર વાદીની ઉલટ તપાસ માટે વાદી**ને કુલ ૬૦ કરતા વધારે મુદતો આપવામાં આવેલ, છતાં ઉલટ તપાસ મોટે કોર્ટમાં હાજર રહેલ ન હોઈ, વાદીનો પુરાવાકીય સોગંદનામાને ડિસ્કાર્ડ કરતો હુકમ તા.૧૫/૦૯/૨૧ ના રોજ કરવામાં આવેલ છે.**

(૭) વાદીપક્ષ તરફે આંક:૧૪૬ થી વાદી પ્રવિણભાઈ પિદીયાભાઈ હઠીલાનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે, જે સરતપાસના સોગંદનામાની હકિકતોમાં વાદીએ તેમની દાવા અરજની હકિકતો જણાવેલ હોઈ, તેથી વિશેષ કોઈ હકિકતો વાદીના સરતપાસના સોગંદનામામાં જણાવેલ ન હોઈ, જેથી સદર પુરાવાનું પુનરાવર્તન કરેલ નથી.

**૭.૧** સદર વાદીની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ. વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ''મારી જન્મ તા. ૧/૬/૧૯૮૧ છે.હું ધોરણ બાર સુધી ભણેલ છું. હાલનો દાવો ખાતા નંબર ૧૨૧ સર્વે

નંબર ૧૬(જુનો) માટે કરેલ છે. મે સરતપાસ સોગંદનામું વાંચેલ. એ વાત ખરી છે કે મારી સરતપાસમાં ખાતા નંબર ૨૬૧ લખેલ છે. સાહેદ જણાવે છે કે તે ટાઈપ મીસ્ટેક થયેલ છે. છત્રાભાઈ પીદીયાભાઈ મારા મોટા ભાઈ છે. વાદી નં. ૩ રુપલીબેન પીદીયાભાઈ મારી માતા થાય છે. કાં તાબેન પીદીયાભાઈ મારી મોટી બેન થાય છે. પુનકી મારા બેન થાય છે. ભુરી બેન પણ મારા બેન થાય છે. એ વાત ખરી છે કે કાતાબેન, પુનકીબેન તથા ભુરીબેનના નામ રેવન્યુ રેકર્ડમાં આવેલ છે. એ વાત ખરી છે કે કાતાબેન, પુનકીબેન અને ભુરીબેનને દાવાના કામે પક્ષકાર બનાવેલ નથી. તકરારી જમીનના પુર્વમાં અભેસીંગ દીતાભાઈની જમીન આવેલ છે. પશ્ચીમે શંકરલાલ દલસુખભાઈની જમીન આવેલ છે. ઉત્તરે પ્રતાપભાઈ દીતાભાઈની જમીન આવેલ છે. દક્ષિણે રૂપાભાઈ વાલાભાઈની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે તકરારી જમીન હાલમાં પ્રતિવાદી ખેડ વાવેતર કરે છે. લસુભાઈ મડુભાઈ કટારાને હું ઓળખું છું. દલસીંગભાઈ દીતાભાઈ ભાભોર અમારા ગામના છે. મગનભાઈ ભાવસિંગભાઈ કટારાને પણ ઓળખું છું. નાનીયાભાઈ રંગાભાઈ પસાયા, સુમલા જેસીગ કટારા, પ્રેમા બચુ કટારા, મનજી પરથી કટારા, જવાભાઈ મડુભાઈ કટારા, બદીયા લાલા કટારા, શકરા સુમલા કટારા, સેવા મંગા ડામોર, કલજી રંગા પસાયા, કનુ ગલા રાઠોડ આ તમામ ને હું ઓળખું છું અને તેઓ અમારા ગામના છે. એ વાત ખરી છે કે તા.૬/૮/૧૯૯૬ ના રોજ ઉપરોકત વ્યકિતઓની પંચ તરીકે લખાણમાં સહી કરી તકરારી જમીનનો કબજો પ્ર તિવાદીને સોપેલો. એ વાત ખરી નથી કે તકરારી જમીન વેચાણ આપેલી છે. <u>એ વાત ખરી છે કે જમીનનો કબજો ૬/૮/૯૬ ના રોજ આપેલ છે અને હાલનો દાવો ૧૬/૯/૨૦૦૯ ના રોજ દાખલ કરેલ છે.</u> એ વાત ખરી છે કે કબજો સોપ્યાના તેર વર્ષ બાદ હાલનો દાવો કરેલ છે. ચુનાભાઈ જવાભાઈ મારા કુઆ થાય છે અને તેઓ ગુંગરડી ગામમાં રહે છે. એ વાતને મને ખબર નથી કે તકરારી સર્વે નંબર વાળી જમીન પ્ર

તિવાદીને આપી તે અગાઉ ચુનાભાઈ જવાભાઈને ગીરવે આપેલી. એ વાતની મને ખબર નથી કે તા.૧૫/૧૧/૧૯૯૬ ના રોજ દાવાવાળી તકરારી જમીન ચુનાભાઈ જવાભાઈ પાસેથી પ્રતિવાદીઓએ રૂ.૧૦,૦૦૦/- ગીરવેની રકમ આપી પંચો રૂબરૂ ગીરવે પેટે છોડાવેલી. સને ૧૯૯૬ ના વર્ષમાં હું સગીર હતો. એ વાત ખરી છે કે જમીનનો કઈ રીતનો વ્યવહાર થયો તેની મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે તમામ વ્યવહારની જાણ મારા મોટાભાઈ શકરાભાઈ પીદીયાભાઈ તથા મારી માતા ને છે. એ વાતની મને ખબર નથી કે તરકરી જમીનના પ્રતિવાદી પાસે થી એક લાખ નવ હજાર ત્રણસો એકાવન રૂ. લીધેલા. એ **<u>વાત ખરી છે કે ૧૯૯૬ થી પ્રતિવાદી તકરારી જમીનમાં ખેતી કરે છે. એ વાત ખરી છે હાલના દાવામાં પ્રતિવાદી જોડેથી કબજો લેવાની દાદ માગેલ નથી.</u>** એ વાત ખરી છે કે ચાલુ દાવા દરમ્યાન તકરારી જમીન બાબતે ગામનું પંચ ભેગુ કરેલ. એ વાત ખરી છે કે પંચમાં અમે પ્રતિવાદીને વેચાણ આપેલ કીમતના ત્રણ ગણા પૈસા આપી પ્રતિવાદી જોડેથી જમીનનો કબજો લેવાની વાત અમે કરેલી. એ વાત ખરી નથી કે મીલકતના ભાવ વધી ગયલ હોઈ પેસા પડાવવા ખોટો દાવો કરેલ છે.''

(૮) વાદીપક્ષ તરફે આંક:૧૬૦ થી સાહેદ શંકરલાલ દલસુખભાઈ પંચાલનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે, જે સરતપાસના સોગંદનામાની હકિકતોમાં સાહેદે દાવા અરજની હકિકતોને સમર્થન કરતી હકિકતો જણાવેલ હોઈ, તેથી વિશેષ કોઈ હકિકતો સાહેદના સરતપાસના સોગંદનામામાં જણાવેલ ન હોઈ, જેથી સદર પુરાવાનું પુનરાવર્તન કરેલ નથી.

<u>૮.૧</u> સદર સાહેદની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ. વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ''હું ભણેલ છું અને વાંચતા લખતા આવડે છે. મે મારી બાજુમાં આવેલ ખાતા નંબર ૨૨૧ ની

જુબાની આપવા આવેલ છું. સર્વે નંબર યાદ નથી. હું સહકાર નગર દાહોદ ખાતે રપ વર્ષથી રહું છું. હું મુળ ચંદલા ગામનો વતની છું. હું બંને પક્ષકારોને ઓળખું છું. હું લસુ મડીયા કટારા, હીરાભાઈ રુપાભાઈ રાઠોડ, દલસીંગ દીતા ભાભોર, સુરમલ જેસીગ કટારા, નજરા દીતા કટારા, રાઠોડ કનુભાઈ ગલાભાઈ, બચુભાઈ મડીયાભાઈ કટારા, સેવા મંગળા ડામોર, નાનીયા રં ગા પસાયા નાઓને ઓળખું છું. એ વાત ખરી છે કે પ્રતિવાદી કયા હકે દાવાવાળી જમીન ખેડે છે તેની મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે દાવાવાળી જમીન વાદીઓએ ઉપરોકત નામો જણાવેલ નાઓની હાજરીમાં પ્રતિવાદીઓને વેચાણ આપેલી તે સોદામાં હું હાજર ન હતો. એ વાતની મને ખબર નથી કે દાવા વાળી જમીન પ્રતિવાદી સને ૧૯૯૬ થી ખેડે છે કે કેમ. એ વાતની મને ખબર નથી કે વાદી પ્રતિવાદી વચ્ચે શેની તકરાર છે.''

<u>**પ્રતિવાદી પક્ષ તર્ફે પુરાવો.**</u>

(૯) પ્રતિવાદી પક્ષ તર્ફે આંક:૧૬૩ થી પ્રતિવાદી ભાભોર મલાભાઈ દીતાભાઈનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે, જે સરતપાસના સોગં દનામાની હકિકતોમાં પ્રતિવાદીએ તેમના જવાબની હકિકતોને સમર્થન કરતી હકિકતો જણાવેલ હોઈ, તેથી વિશેષ કોઈ હકિકતો પ્ર તિવાદીના સરતપાસના સોગંદનામામાં જણાવેલ ન હોઈ, જેથી સદર પુરાવાનું પુનરાવર્તન કરેલ નથી.

<u>**૯.૧**</u> સદર પ્રતિવાદીની ઉલટ તપાસ વાદીના વિ. વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ''હું ધોરણ દસ પાસ છું. એ વાત ખરી છે કે હું રેલ્વેની નોકરીમાંથી રીટાર્યડ થઈ ગયેલ છું. દાવાવાળી જમીનનો જુનો ખાતા નંબર ૧ર૧ છે નવો નંબર મને ખબર નથી. દાવાવાળી જમીનનો જુનો રે.સ. નંબર ૧૧૬ હતો અને નવો રેવન્યુ સર્વે નંબર મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે દાવાવળી

જમીનમાં કોઈ પ્રમોલગેશન થયેલ છે કે કેમ. એ વાત ખરી છે કે દાવાવળી જમીન ૭૩એએ ના નિયત્રીત સત્તા પ્રકાર વાળી જમીન છે. એ વાત ખરી છે કે સદર તકરારી જમીનમાં શતરાભાઈ પીદીયાભાઈ, પ્રવીણભાઈ પીદીયાભાઈ, કાન્તાબેન પીદીયાભાઈ, પુનકીબેન પીદીયાભાઈ, ભુરીબેન પીદીયાભાઈ, રુપલીબેન તે પીદીયાભાઈની વિધવા વિગેરેના નામો આવેલા છે. એ વાત ખરી છે કે દાવાવાળી જમીન તે શતરાભાઈ પીદીયાભાઈની સંયુકત માલીકીની જમીન છે. એ વાત ખરી છે કે મે રજુ કરેલ આંક–૧૬૭ વાળા દસ્તાવેજમાં પ્રવણભાઈ પીદીયાભાઈ, કાન્તાબેન પીદીયાભાઈ, પુનકીબેન પીદીયાભાઈ અને ભુરીબેન પીદીયાભાઈ નાઓની સહી નથી. એ વાત ખરી છે કે સદરહું વેચાણ દસ્તાવેજ રજુ કરેલ તે તે વેચાણ દસ્તાવેજમાં વાદીના અન્ય કુંટુંબીજનો એટલે કે કાકા બાબાની સહી તેમજ અંગુઠા કરેલ નથી. એ વાત ખરી છે કે મે આંક–૧૬૭ થી રજુ કરેલ દસ્તાવેજ તે અનરનરજીસ્ટર્ડ દસ્તાવેજ છે. એ વાત ખરી છે કે દાવાવાળી જમીન તે વાદીઓની વડીલોપાર્જીત જમીન છે. એ વાત ખરી છે કે દાવાવાળી જમીનના તમામ રેવન્યુ રેકર્ડમાં વાદીઓના નામ ચાલે છે. એ વાત ખરી છે કે દાવવાળી જમીનનું મહેસુલ તે વાદીઓ ભરે છે. એ વાત ખરી છે કે મને જમીનનું કુલ ક્ષેત્રફળ મને ખબર નથી. એ વાત ખરી નથી કે વાદીઓની જમીન ખોટો દસ્તાવેજ ઉભો કરી પડાવી લેવા ખોટી તકરાર લઈ ખોટો જવાબ આપી ખોટું સોગંદનામું કરી ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી છે કે મામલતદાર શ્રી માં કે રેવન્યુ રેકર્ડમાં નામ ચઠાવવા કોઈ તજવીજ કરેલ નથી.''

(૧૦) પ્રતિવાદી પક્ષ તર્ફે આંક:૧૭૨ થી સાહેદ કટારા લછુભાઈ મડુભાઈનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે, જે સરતપાસના સોગં દનામાની હકિકતોમાં સાહેદે પ્રતિવાદીના જવાબની હકિકતોને સમર્થન કરતી હકિકતો જણાવેલ હોઈ, તેથી વિશેષ કોઈ હકિકતો સાહેદના સરતપાસના સોગંદનામામાં જણાવેલ ન હોઈ,

જેથી સદર પુરાવાનું પુનરાવર્તન કરેલ નથી.

**૧૦.૧** સદર સાહેદની ઉલટ તપાસ પ્રતિવાદીના વિ. વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ''મને કયા ખાતા નંબર તથા સર્વે નંબરમાં જુબાની આપવા આવેલ તેની ખબર નથી. એ વાતની મને ખબર નથી કે વાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલે છે કે કેમ. એ વાત ખરી છે કે હું અને પ્રતિવાદી એક જ સમાજના હોવાથી હું જવાબ કરવા આવેલ છું. એ વાત ખરી છે કે મને સોગંદનામા જે કરેલ છે તે વાંચી સંભળાવેલ નથી. એ વાત ખરી નથી કે મને વેચાણ દસ્તાવેજમાં પૈસા આપેલાની જાણ નથી અને ફકત મે અંગુઠો કરેલો. એ વાત ખરી છે કે મને દાવાવાળી જમીનનું માપ ખબર નથી. એ વાતની મને ખબર નથી કે દાવાવાળી જમીનનો વેરો કોણ ભરે છે. એ વાત ખરી નથી કે વેચાણ દસ્તાવેજ કરેલ ન હોવા છતા પ્ર.વાદીઓ મારા જાતીભાઈ થતા હોવાથી તેમના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.''

**દલીલ.**

(૧૧) વાદી પક્ષ તર્ફે વિ. વકીલ શ્રી આર. સી. રાઠોડ ધ્વારા આંક: ૧૭૩-એ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે, જે ઘ્યાને લીધી.

(૧૨) પ્રતિવાદી પક્ષ તર્ફે વિ. વકીલ શ્રી કે. બી. નલવાયા ધ્વારા આંક: ૧૭૪ થી લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે, જે ઘ્યાને લીધી.

(૧૩) આ કામે મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી ધ્વારા આંક:૨૮ થી નીચે મુજબના મુદા કાઢવામાં આવેલ છે.

**મુદા.**

મુદા નં.૧ : શું વાદી પુરવાર કરે છે કે, તકરારી મિલ્કત તેઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે?

મુદા નં.૨ : શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તકરારી જમીન તેઓએ વેચાણ રાખેલ અને ત્યારથી તકરારી જમીનનો કબજો તેઓ ધરાવે છે?

મુદા નં.૩ : શું વાદી માંગ્યા મુજબની દાદ કે રાહત મેળવવા હકકદાર છે?

મુદા નં.૪ : શું હુકમ અને શું હુકમનામું?

(૧૪) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નિચે મુજબ છે.

મુદા નં.૧ : ન કારમાં.

મુદા નં.૨ : અંશતઃ હ કારમાં.

મુદા નં.૩ : ન કારમાં.

મુદા નં.૪ : આખરી હુકમ મુજબ.

## કારણો.

### પુરાવાનું મુલ્યાંકન.

(૧૫) હાલના દાવામાં મુદાઓ ધ્યાને લેતા પહેલા ભારતીય પુરાવા અધીનીયમની નીચે મુજબની જોગવાઇએ ધ્યાને લેવી જરૂરી થઇ પડે છે.

ભારતીય પુરાવા અધીનીયમ કલમો ૧૦૨ તથા ૧૦૩ ધ્યાને લેવી ખુબ જ જરૂરી છે. જે નીચે મુજબ છે.

**કલમ – ૧૦૨ : કોઈ સાબિતીનો બોજો કોના પર રહે :–**

કોઈ દાવા કે કાર્યવાહીમાં સાબિતીનો બોજો તે વ્યકિત પર રહે છે કે જે કોઈપણ પક્ષે કશો જ પુરાવો આપવામાં ન આવે તો નિષ્ફળ જશે.

**કલમ – ૧૦૩ : ચોકકસ હકીકત અંગેની સાબિતીનો બોજો :–**

કોઈ ચોકકસ હકીકત અંગે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર રહે છે કે જે તેનું અસ્તિત્વ અદાલત માને તેમ ઈચ્છતી હોય, સિવાય કે તે હકીકતની સાબિતી કોઈ ચોકકસ વ્યકિત પર રહેશે તેવી જોગવાઈ કોઈ કાનૂનથી કરવામાં આવી હોય.

૧૫.૧ ) આ કામે મુદ્દા નં. ૧ માં વાદી એ ત કરારી મિલ્કત તેઓના પ્ર ત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે તે સાબિત કરવાની જવાબદારી

વાદી ઉપર રહેલ હતી વાદી એ તેમની માલિકી પુરવાર કરવામાટે આંક. ૬૦ થી સરતપાસ અન્વએનું સોગડનામું રજૂ કરેલ પરતું તે ડિસકાર્ડ કરવામાં આવેલ હતું. અને ત્યાર બાદ આંક. ૧૪૬ થી વાદી પ્રવીણભાઈ પીદીયાભાઈ એ સરતપાસ અન્વયે નું સોગંદનામાં તેમની દાવા અરજીની હકીકત જણાવેલ હતી. સદર કામે ઊલટ તપાસમાં વાદી એ કબૂલ કરેલ છેકે, આંક. પ૬ અને પ૭ થી રજૂ ગામના નમૂના નં. ૭/૧ર અને ૮ –અ માં વાદી ઓ સિવાય બીજા કાંતાબેન, પુનકીબેન અને ભૂરીબેન ના નામો આવેલ છે પરતું તેઓ એ હાલના કામે તેઓને જોડેલ નથી વધુમાં સદર નામો વાળી વ્યક્તિઓ વાદીઓ ની બહેનો થતી હોય અને તેઓ ને હક્ક હિત મળી ગયેલ હોય તેવું વાદી તેમની દાવા અરજીમાં જણાવે છે અને તેઓ માલિક નથી જેથી તેઓની જોડેલ નથી પરતું તેઓ દ્વારા હક્ક કમી થયેલ હોય અને કાંતાબેન, પુનકીબેન અને ભૂરીબેનનો હક્ક સમાયેલો ન હોય તેવો કોઇ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી વધુમાં આંક. ૧૬૩ ની ઊલટ તપાસ તબક્કે પ્રતિવાદી તરફે આંક. ૧૬૭ થી રજૂ દસ્તાવેજી પૂરવામાં પ્રતવાદી મલાભાઈ દિતિયા ભાઈનએ પ્રશ્ન પૂછવામાં આવેલ જેના જવાબમાં પ્રતિવાદી એ જણાવેલ કે, ‘ એવાત ખરી છે કે મે રજુ કરેલ આંક–૧૬૭ વાળા દસ્તાવેજમાં પ્રવણભાઈ પીદીયાભાઈ, કાન્તાબેન પીદીયાભાઈ, પુનકીબેન પીદીયાભાઈ અને ભુરીબેન પીદીયાભાઈ નાઓની સહી નથી.’ નથી આમ વાદી દ્વારા એક બાજુ તેઓ નો હક્ક નથી તેમ જાહેર કરેછે તેમજ તે હક્ક ન હોવા બાબતનો કોઇ પુરાવો રેકર્ડ પર લાવેલ નથી વધુમાં તેજ અંગે તેઓ બચાવ પણ લે છે કે આંક. ૧૬૭ ના દસ્તાવેજો માં તેઓનો હક્ક સંબઘી પ્રશ્ન પૂછે છે અગર જો તેઓ નો હક્ક ન હતો આમ, એક બાબત સ્પસ્ટ થાય છે કે, વાદી એક માત્ર માલિક નથી અને તેઓ ના દાવામાં હજી કાન્તાબેન

પીદીયાભાઈ, પુનકીબેન પીદીયાભાઈ અને ભુરીબેન પીદીયાભાઈનાઓ નો હક્ક સમયેલ છે તેઓ હાલના કામના જરૂરી પક્ષકાર છેઆમ, દાવા વાળી મિલકત વાદી એકલાની માલિકીની નથી તેમાં બીજા ઇસમો કેજે હાલના કામે દાવા માં જોડવામાં આવેલ નથી તેઓ નો પણ હિસ્સો સમાયેલ છે તેવા સંજોગોમાં ફક્ત વાદી એકલા ને સદર સયુક્ત માલિકીની જમીનની દાદ મેળવવા માટે જરૂરી પક્ષકારો વગર હાલનો દાવાનો નિર્ણય થઈ શકે નહિ. તેવા સંજોગોમાં 'પ્રોપર પાર્ટી' અંગે નામદાર સર્વોચ્ચ અદાલત ના ચુકાદાને ધ્યાને લઈ એ તો,

AIR 2012 SUPREME COURT 2925 "Vidur Impex and Traders Pvt. Ltd. v. Tosh Apartments Pvt. Ltd."

26. In Ramesh Hirachand Kundanmal v. Municipal Corporation of Greater Bombay(1992) 2 SCC 524 : (1992 AIR SCW 846), this Court interpreted the aforesaid provision and held:

" A necessary party is one without whom no order can be made effectively. A proper party is one in whose absence an effective order can be made but whose presence is necessary for a complete and final decision on the question involved in the proceeding. The addition of parties is generally not a question of initial jurisdiction of the Court but of a judicial discretion which has to be exercised in view of all the facts and circumstances of a particular case ."

૧૦.૨ **A "necessary party" is a person who ought to have been joined as a party and in whose absence no effective decree could be passed at all by the court. If a "necessary party" is not** impleaded, the suit itself is liable to be dismissed

**that two tests are to be satisfied for determining the question who is a necessary party. Tests are - ( 1 ) there must be a right to some relief against such party in respect of the controversies involved in the proceedings; ( 2 ) no effective**

**decree can be passed in the absence of such party**

આમ, વાદી નો હાલનો દાવામાં તમામ વારસો કેજેઓ નો હક્ક ,હીત સમાયેલ હોય તેઓ તમામ હાલના કામે જોડવામાં આવેલ નથી.

વધુમાં આંક. ૧૪૬ની ઊલટ તપાસ દરમ્યાન વાદી પોતે કબૂલ કરે છેકે, દાવા વાળી મિલકતનો કબજો તા.૦૬/૦૮/૧૯૯૮ નારોજ કબજો સોંપવામાં આવેલ છે અને હાલનો દાવો તા. ૧૯/૦૯/૨૦૦૯ નારોજ તે વરસ બાદ કરવામાં આવેલ છે અને પ્રતિવાદી કબૂલ કરે છેકે સને ૧૯૯૬ થી દાવા વાળી જમીનમાં ખેતી કરે છે. વધુમાં આંક. ૧૬૦ થી સરતપાસમાં વાદી તરફે સાહેદ સોગંદ ઉપર વાદી ખેડતા હોવાનું જણાવે છે પરતું ઊલટ તપાસમાં જણાવે છેકે પ્રતિવાદી કયા હક્કે ખેડે છે તે તેમણે ખબર નથી જેથી તેઑ પણ પરોક્ષ રીતે ખેડતા હોવાનું કબૂલ કરે છે અને તેઑ સને ૧૯૯૬ નો કોઇ વ્યવહાર વિષે માહિતી ન હોય અને આંક. ૧૪૬ માં વાદી જ્યારે પોતે કબુલ કરતાં હોય ત્યાર તે વિરુદ્ધ નું માનવાને કોઈ કારણ રહેતું નથી. આમ, વાદી પોતે કબૂલ કરે છે કે તેઑ નો કબજો દાવા વાળી જમીન ઉપર નથી આમ, ફક્ત રેવન્યુ રેકર્ડમાં નામ હોવા માત્રથી અને મહેસૂલ ભરતા હોવાની હકીકત માત્રથી તેઑ માલિક સાબિત થઈ શકે નહિ, તેમ નામદાર સર્વોચ્ચ અદાલતે બળવંત સીંગ વી. દૌલતસિંગ (૧૧૯૭)૭ એસ. સી. સી. ૧૩૭, તેમજ ભીમભાઈ મહાદેવ કામભેકર વી. આર્થર ઇમ્પોર્ટ એન્ડ એકસપોર્ટ (૨૦૧૯) તેમજ અન્ય ચુકાદાઓમાં વરંવાર જણાવેલ છે. જેથી ફક્ત રેવન્યુ રેકર્ડમાં નામ હોવા માત્રથી તેઑ માલીક ઠેરવી શકાય નહિ.

આમ ઉપર ચર્ચા મુજબ વાદીએ પૂરા પક્ષકાર જોડેલ નથી અને વાદી કબજો સાબીત કરતાં નથી જેથી મુદ્દા નં. ૧ નો ઉત્તર નકાર માં હોવાનું અત્રેની અદાલતનું માનવું છે

૧૫.૨) મુદ્દા નં. ૨ સાબિત કરવાની જવાબદારી પ્રતિવાદી ઉપર હતી અને તેઑ ઉપર જવાબદારી હતી કે, તકરારી જમીન તેઓએ વેચાણ રાખેલ અને ત્યારથી તકરારી જમીનનો કબજો તેઓ ધરાવે છે તેઑનો કબજો હોવાનું વાદી એ આંક. ૧૪૬ ની ઊલટ તપાસમાં હોવાનું

કબૂલ કરે છે અને તેઓ એ સદર દાવામાં કોઇ માલિકી અંગે દાદ માગેલ નથી અને વાદીએ આંક. ૧૪૬ ના ઊલટ તપાસ માં કબૂલ કરેલ છેકે જમીનનો કબજો તા. ૦૬/૦૮/૧૯૯૭ નારોજ સોંપવામાં આવેલ હતો અને એ પ્રતિવાદી સને ૧૯૯૬ થી દાવાવાળી જમીનમાં ખેતી કરતાં હોવાનું કબૂલ કરેલ છે. જેથી પ્રતિવાદીનો કબજો ન હોય તે બાબત કોઇ તકરાર રહેતી નથી પરતું આંક. ૧૬૭ વાળો દસ્તાવેજ જોવામાં આવે તો, તે રજીસ્ટડ દસ્તાવેજ નથી. રજીસ્ટ્રેશન એકટ- 1908 નો કાયદો તે સમયે અમલી હતો અને તેની કલમ ૧૭ જોવામાં આવે તો,

17. Documents of which registration is compulsory.

(1) The following documents shall be registered, if the property to which they relate is situate in a district in which, and if they have been executed on or after the date on which, Act No. XVI of 1864, or the Indian Registration Act, 1866, or the Indian Registration Act, 1871, or the Indian Registration Act, 1877, or this Act came or comes into force, namely:—

(b) other non-testamentary instruments which purport or operate to create, declare, assign, limit or extinguish, whether in present or in future, any right, title or interest, whether vested or contingent, of the value of one hundred rupees and upwards, to or in immovable property

આમ, સદર આંક. ૧૬૭ વાળો દસ્તાવેજ રજિસ્ટર્ડ કરવો જરૂરી હતો અને તેની રજીસ્ટડ ન કરવાની અસર કલમ ૪૯ માં આપેલ છે.

49. Effect of non-registration of documents required to be registered.—

No document required by section 17 1 [or by any provision of the Transfer of Property Act, 1882 (4 of 1882)], to be registered shall—

(a) affect any immovable property comprised therein, or (b) confer any power to adopt, or

(c) be received as evidence of any transaction affecting such property or conferring such power, unless it has been registered: 1

[Provided that an unregistered document affecting immovable property and required by this Act or the Transfer of Property Act, 1882 (4 of 1882), to be registered may be received as evidence of a contract in a suit for specific performance under Chapter II of the Specific Relief Act, 1877 (3 of 1877) 2 , 3 *** or as evidence of any collateral transaction not required to be effected by registered instrument.]

આમ, વાદી જે આંક. ૧૬૭ વાળા દસ્તાવેજ ઉપર આધાર રાખે છે તે દસ્તાવેજથી પ્રતિવાદીનો કોઇ માલિકી હક્ક કલમ ૪૯ મુજબ પ્રાપ્ત કરી શકતા નથી અને આંક.૧૬૭ વાળો દસ્તાવેજ અમલી કરી શતેનાથી પ્રતિવાદીને માલિક ઠેરવી શકાય નહિ વધુમાં. આમ, આવા અંરજીસ્ટડ દસ્તાવેજ થી પ્રતિવાદીને કોઇ હક્ક પ્રાપ્ત થતાં નથી પરતું તેઓ નો કબજો વાદી એ સને ૧૯૯૬ થી સ્વીકાર કરેલ હોય જેથી કબજો પૂરતું સદર પ્રતિવાદીનો ન માનવાને કોઇ કારણ રહેતું નથી. જેથી મુદ્દા નં. ૨ નો ઉત્તર અંશતઃ હકારમાં હોવાનું અત્રેની અદાલત માનવું છે.

આમ, જયારે આંક. ૧ નો ઉતર નકારમાં હોય અને મુદ્દા નં. ૨ નો ઉત્તર અંશતઃ હકારમાં હોય તો મુદ્દા નં. ૩ માં વાદી માગ્યા મુજબની દાદ મળી શેક નહિ કારણકે તેઓ તેમની માલિકી અને કબજો સાબિત કરી શકતા નથી, અને તેઓ એ હાલના કામે ફક્ત કબજો રક્ષિત કરવાની દાદ માગેલ હતી અને વાદી તેમનો કબજો પુરાવર કરી શકેળ નથી ઊલટ તેઓ પ્રતિવાદીનો કબજો હોવાનું જણાવે છે અને તેવા સંજોગોમાં તેઓ કબજો માંગવાની દાદ પણ માંગેલ નથી જેથી મુદ્દા નં. ૩ નો ઉત્તર નકારમાં હોવાનું ઠેરવી જેથી. મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::આખરી હુકમ ::-**

- વાદીની હાલની દાવા અરજી નામજૂર કરવામાં આવે છે.
- આ દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.
- હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ તારીખ : ૦૭ , માહે : માર્ચ , સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગરબાડા,
તારીખ : ૦૭/૦૩/૨૦૨૫

(રોહીત હરમાનભાઈ સોલંકી)
પ્રિન્સીપાલ સીવીલ જજ, ગરબાડા.
(UIC-GJ01633)